રાજયમાં આવેલ આર.એમ.એસ.એ.(RMSA), મોડેલ તથા મોડેલ ડે શાળાઓના મહેકમની તમામ પ્રકારની કામગીરી સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી પાસેથી કમિશ્નરશ્રી,શાળાઓની કચેરી તથા પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીના હવાલે સોંપવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : ઉમશ/૧૨૨૦૨૨/૧૧૪૩/ગ-૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૧૩/૦૯/૨૦૨૨

વંચાણે લીધા :-

(૧) સમગ્ર શિક્ષા અભિયાનની કચેરીનો તા:૦૨/૦૫/૨૦૨૨નો પત્રક્રમાંક: એસ.એસ.એ/RMSA-MS-MDS/૨૦૨૨/૧૪૨૪૧.

(૨)કમિશનરશ્રી,શાળાઓની કચેરીનો તા:૦૫/૦૭/૨૦૨૨નો પત્રક્રમાંક:મકવ/મ.૩/વર્ગ-૨/૨૦૨૨/૯૯૩૨.

આમુખ :-

રાજયમાં હાલમાં ૫૩૨ આર.એમ.એસ.એ શાળાઓ, ૨૦ મોડેલ ડે સ્કૂલો અને ૭૨ મોડેલ સ્કુલો આવેલ છે. આ શાળાઓના કાયમી અને હંગામી મહેકમને લગતી કામગીરી હાલમાં સમગ્ર શિક્ષાની કચેરી દ્વારા બજાવવામાં આવે છે. સમગ્ર શિક્ષાની કચેરીએ પ્રોજેક્ટ અમલીકરણની કચેરી છે જેને હાલમાં ભારત સરકારના પત્રાંક: D.૦૧૮-૯૮/૨૦૨૧-ઇ૧, તા:૨૧/૧૨/૦૨૧ થી સમગ્ર શિક્ષાને સને ૨૦૨૫-૨૬ સુધી મંજુરી આપવામાં આવેલ છે. જેમાં શિક્ષણના ACCESS/ RETENTION/ QUALITY/GOVERNANCE જેવા પ્રોજેક્ટનો અમલ કરવામાં આવે છે. તેમજ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓને ડીજીટલ અને ભૌતિક સુવિધાઓ પૂરી પાડવાની કામગીરી કરવામાં આવે છે. મહેકમ અને સંલગ્ન સેવા વિષયક કોઈ કામગીરી અને પ્રોજેક્ટમાં કાયમી કર્મચારીઓની નિમણુક સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી દ્વારા કરવામાં આવતી નથી. જેને ધ્યાને લેતા, વંચાણે લીધેલ ક્રમાંક(૧) સામેના સમગ્ર શિક્ષા અભિયાનની કચેરીના તા:૦૨/૦૫/૨૦૨૨ના પત્રથી રાજયમાં આવેલી ૫૩૨ આર.એમ.એસ.એ શાળાઓ, ૨૦ મોડેલ ડે સ્કૂલો અને ૭૨ મોડેલ સ્કુલોનું માધ્યમિક વિભાગને સંબંધિત મહેકમ, પગાર તેમજ સેવા વિષયક તમામ કામગીરી નિયામકશ્રી, શાળાઓની કચેરીના હવાલે મુકવા અને ૨૦ મોડેલ ડે સ્કૂલો અને ૭૨ મોડેલ સ્કુલોનું પ્રાથમિક વિભાગને સંબંધિત મહેકમ, પગાર તેમજ સેવા વિષયક તમામ કામગીરી પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,ગાંધીનગરના હવાલે મુકવા દરખાસ્ત કરેલ હતી, જે દરખાસ્ત અન્વયે કમિશ્નરશ્રી,શાળાઓની કચેરી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,ગાંધીનગર અને સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી,ગાંધીનગરના અધિકારીઓશ્રીની હાજરીમાં

તા:૧૬/૦૬/૨૦૨૨ના રોજ મિટિંગ મળેલ જે અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક(૨) સામેના કમિશ્નરશ્રી,શાળાઓની કચેરીના તા:૦૫/૦૭/૨૦૨૨ના પત્રથી સદર બાબતે તેઓની કચેરીઓનો અભિપ્રાય રજૂ કરવામાં આવેલ. જેને ધ્યાને લઈને, રાજયમાં આવેલી ૫૩૨ આર.એમ.એસ.એ શાળાઓ, ૨૦ મોડેલ ડે સ્કૂલો અને ૭૨ મોડેલ સ્કુલોની કામગીરી કમિશ્નરશ્રી,શાળાઓની કચેરી તથા પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીના હવાલે મૂકવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, રાજયમાં આવેલી ૫૩૨ આર.એમ.એસ.એ શાળાઓ, ૨૦ મોડેલ ડે સ્કૂલો અને ૭૨ મોડેલ સ્કુલોની કામગીરી વહેંચણી અંગે નીચે મુજબનો નિર્ણય કરવામાં આવે છે:

(૧) રાજયની તમામ આર.એમ.એસ.એ. શાળાઓ, મોડેલ શાળાઓ તથા મોડેલ ડે શાળાઓના મહેકમને (આઉટ સોર્સના કર્મચારીઓ સહિત) લગતી સેવા વિષયક બાબતોની તમામ પ્રકારની કામગીરી કમિશ્નરશ્રી,શાળાઓની કચેરી,ગાંધીનગર(ધોરણ ૯ થી ૧૨ સંબંધિત બાબતો માટે) તથા પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,ગાંધીનગર(ધોરણ ૬ થી ૮ સંબંધિત બાબતો માટે) દ્વારા કરવાની રહેશે. ઉક્ત શાળાઓમાં મહેકમ સબંધિત તમામ પ્રકારની સેવા વિષયક કામગીરીમાંથી સમગ્ર શિક્ષા અભિયાનની કચેરીને મુક્તિ આપવામાં આવે છે.

(૨) આર.એમ.એસ.એ. શાળાઓ, મોડેલ શાળાઓ તથા મોડેલ ડે શાળાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓના (આઉટ સોર્સના કર્મચારીઓ સહિત) પગાર, પેન્શન, રજાઓ, ઉચ્ચતર પગાર ધોરણ,બદલી,બઢતી કે અન્ય કોઈ પણ પ્રકારની સેવા વિષયક બાબતોને લગતી કામગીરી કમિશ્નરશ્રી,શાળાઓની કચેરી,ગાંધીનગર(ધોરણ ૯ થી ૧૨ સંબંધિત બાબતો માટે) તથા પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,ગાંધીનગર(ધોરણ ૬ થી ૮ સંબંધિત બાબતો માટે) દ્વારા કરવાની રહેશે.

(૩) આર.એમ.એસ.એ. શાળાઓ, મોડેલ શાળાઓ તથા મોડેલ ડે શાળાઓને લગતી નીતિ વિષયક બાબતોની તમામ પ્રકારની કામગીરી કમિશ્નરશ્રી,શાળાઓની કચેરી,ગાંધીનગર (ધોરણ ૯ થી ૧૨ સંબંધિત બાબતો માટે) તથા પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,ગાંધીનગર(ધોરણ ૬ થી ૮ સંબંધિત બાબતો માટે) દ્વારા કરવાની રહેશે.

(૪) આર.એમ.એસ.એ. શાળાઓ, મોડેલ શાળાઓ તથા મોડેલ ડે શાળાઓમાં ધોરણ ૬ થી ૮ની શાળાઓ માટે ભરતી પ્રક્રિયા પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,ગાંધીનગર દ્વારા કરવામાં આવશે તથા આ શાળાઓમાં ધોરણ ૯ થી ૧૨માં ભરતી પ્રક્રિયા કમિશનરશ્રી, શાળાઓની કચેરી,ગાંધીનગર દ્વારા કરવામાં આવશે.

(૫) આર.એમ.એસ.એ. શાળાઓ, મોડેલ શાળાઓ તથા મોડેલ ડે શાળાઓમાં બજેટ સંબંધિત તમામ પ્રકારની કામગીરી (ચાલુ બાબત અને નવી બાબતોને લગતી) તથા અન્ય કોઈ પણ પ્રકારની વહીવટી મંજૂરી સબંધિત કામગીરી કમિશ્નરશ્રી,શાળાઓની કચેરી,ગાંધીનગર(ધોરણ ૯ થી ૧૨ સંબંધિત બાબતો માટે) તથા પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,ગાંધીનગર(ધોરણ ૬ થી ૮ સંબંધિત બાબતો માટે) દ્વારા કરવાની રહેશે.

(૬) આર.એમ.એસ.એ. શાળાઓ, મોડેલ શાળાઓ તથા મોડેલ ડે શાળાઓના સંચાલન માટે મંજૂર થયેલ કાયમી હંગામી કરાર આધારિત મહેકમની કામગીરી કમિશ્નરશ્રી,શાળાઓની કચેરી,ગાંધીનગર (ધોરણ ૯ થી ૧૨ સંબંધિત બાબતો માટે) તથા પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,ગાંધીનગર(ધોરણ ૬ થી ૮ સંબંધિત બાબતો માટે) દ્વારા કરવાની રહેશે.

(૭) હંગામી જગ્યાઓ ઊભી કરવા,જગ્યાઓની મુદ્દત લંબાવવા, રદ કરવા કે પુનઃ જીવિત કરવા સંબંધિત તમામ પ્રકારની કાર્યવાહી કમિશ્નરશ્રી,શાળાઓની કચેરી,ગાંધીનગર(ધોરણ ૯ થી ૧૨ સંબંધિત બાબતો માટે) તથા પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,ગાંધીનગર(ધોરણ ૬ થી ૮ સંબંધિત બાબતો માટે) દ્વારા કરવાની રહેશે

(૮) આર.એમ.એસ.એ. શાળાઓ, મોડેલ શાળાઓ તથા મોડેલ ડે શાળાઓને લગતા સેવા વિષયક પ્રશ્નો, ટ્રિબ્યુનલ કે કોર્ટ કેસો સબંધિત સમગ્ર કામગીરી કમિશ્નરશ્રી,શાળાઓની કચેરી,ગાંધીનગર(ધોરણ ૯ થી ૧૨ સંબંધિત બાબતો માટે) તથા પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,ગાંધીનગર(ધોરણ ૬ થી ૮ સંબંધિત બાબતો માટે) દ્વારા કરવાની રહેશે.

(૯) સમગ્ર શિક્ષા અભિયાના મૂળ હેતુ મુજબ શિક્ષણમાં ACCESS/ RETENTION/ QUALITY/GOVERNANCE જેવા પ્રોજેક્ટનો અમલ કરવાની તથા શિક્ષણની ગુણવતા સુધારવા માટે આવી શાળાઓમાં સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી દ્વારા કરવામાં આવી રહેલ કામગીરી તે મુજબ જ ચાલુ રાખવાની રહેશે.

(૧૦) આર.એમ.એસ.એ. શાળાઓ, મોડેલ શાળાઓ તથા મોડેલ ડે શાળાઓમાં સિવિલ વર્કની તમામ કામગીરી સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી દ્વારા કમિશનરશ્રી શાળાઓની કચેરી,ગાંધીનગર તથા પ્રાથમિક નિયામકશ્રીની કચેરી,ગાંધીનગરના પરામર્શમાં કરવાની રહેશે.

ઉક્ત નિર્ણય વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રી કક્ષાએ તા:૨૯/૦૮/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.ટી.બાંધણીયા)
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- અધિક અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકૂલ-૧
- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકૂલ-૨
- સચિવશ્રી(પ્રા.શિ. અને મા.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અધિક સચિવશ્રી(પ્રા.શિ.),શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી બ્લોક નં.૧૨, ડો. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેક્ટરશ્રી,સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી,સેક્ટર-૧૭, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦,ગાંધીનગર.
- તમામ જિલ્લાશિક્ષણાધિકારીશ્રીઓ (કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી મારફતે)
- તમામ જિલ્લાતિજોરી અધિકારીશ્રીઓ, (કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી મારફતે)
- એકાઉટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- બજેટ શાખા,શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, ન શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- આઈ.ટી.સેલ, શિક્ષણ વિભાગ ગાંધીનગર,સચિવાલય, ગાંધીનગર(શિક્ષણ વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવા માટે).
- શાખા સિલેક્ટ ફાઇલ.
- નાયબ સેક્શન અધિકારીશ્રીની સિલેક્ટ ફાઇલ .